GJMR020075752019

દાખલ તારીખ :- ૨૫-૦૯-૨૦૧૯
નોંધ્યા તારીખ :- ૨૫-૦૯-૨૦૧૯
ફેંસલ તારીખ :- ૦૭-૦૩-૨૦૨૬

સમયગાળો :- વર્ષ-માસ-દિવસ
૦૬ - ૦૫ - ૧૨

**<u>મ્હે. એડીશનલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ જજ સાહેબની કોર્ટમાં.મુ.મોરબી.</u>**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૭૦/૨૦૧૯**

**આંક : ૩૯**

(૧) ભાવનાબેન બાબુભાઈ જાદવ
ધર્મે:- હિન્દુ, ઉ.વ.૩૫, ધંધો-ઘરકામ
રહે.પીપળીયા, તા.જી.મોરબી.

**...અરજદાર**

**વિરુધ્ધ**

(૧) ગૌતમભાઈ માવજીભાઈ સોલંકી
ધર્મે:- હિન્દુ, ઉ.વ.આ.૩૭, ધંધો-કોન્ટ્રાકટર

(૨) જયાબેન માવજીભાઈ સોલંકી
ધર્મે:- હિન્દુ, ઉ.વ.૬૦, ધંધો-ઘરકામ

(૩) ઉમેશભાઈ મણીભાઈ સોલંકી
ધર્મે:- હિન્દુ, ઉ.વ.આ.૨૫, ધંધો-મજુરી

(૪) કમલેશભાઈ કરશનભાઈ સોલંકી
ધર્મે:- હિન્દુ, ઉ.વ.આ.૩૮, ધંધો-કોન્ટ્રાકટર
રહે.શકત શનાળા, મોરબી.

(૫) મંજુબેન અશોકભાઈ ખરા
ધર્મે:- હિન્દુ, ઉ.વ.૨૫, ધંધો-ઘરકામ

(૬) મીનાબેન દિલિપભાઈ ખરા
ધર્મે:– હિન્દુ, ઉ.વ.આ.૨૫, ધંધો–ઘરકામ
રહે.નવા જાંબુડીયા, મોરબી.

(૬) ઠાકોર શીતલબેન લવજીભાઈ
ધર્મે:– હિન્દુ, ઉ.વ.આ.૧૭, ધંધો–ઘરકામ
રહે.વિદ્યુતનગર, સામાકાંઠે, મોરબી.

(૭) વિનોદભાઈ રવજીભાઈ સોલંકી
ધર્મે:– હિન્દુ, ઉ.વ.આ.૫૦, ધંધો–વેપાર
રહે.પંચશીલ નગર રેલ્વે સ્ટેશનની પાછળ,
અંકુર મેદાનની બાજુમાં, કલોલ(કડી). **...સામાવાળાઓ**

બાબત :– **કૌટુમ્બીક હીંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ કલમ ૧૨, ૧૭, ૧૮, ૧૯,૨૦, ૨૨, ૨૩ મુજબની દાદ મેળવવા માટે અરજી.**

**અરજદારો તરફે વિ. વ. શ્રી આર.એચ.પરમાર**
**સામાવાળાઓ તરફે વિ. વ. શ્રી. એન.બી.ગડેશીયા**

**:: ઠ રા વ ::**

**(૧)** હાલની અરજી અરજદારે ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૧૨,૧૭,૧૮,૧૯,૨૦,૨૨, ૨૩ ની દાદ મેળવવા માટે કરેલ છે, જેની ટૂંકમાં હકીકત નીચે મુજબ છે :– અરજદાર ના લગ્ન આ કામ ના સામાવાળા નં–૧ સાથે આશરે ૧૨ વર્ષ પહેલા હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ પીપળીયા મુકામે જ્ઞાતિના રીત રીવાજ મુજબ થયેલ. અને અરજદાર સામાવાળા ને ત્યા સંયુક્ત કુટુંબમાં રહેવા ગયેલા. આ કામના સામાવાળા એ એકાદ વર્ષ સારી રીતે રાખેલ અને ત્યારબાદ હેરાન કરતા અને શારિરીક અને માનસિક ત્રાસ આપતા. આ

કામના સામાવાળાનં-૧ ના લગ્ન જીવન થી અમારે સંતાન મા પુત્ર નામે હર્ષ ઉ.વ.૧૦ નો છે. જે હાલે આ કામના સામાવાળા નં ૫.૬ પાસે છે.

(૧.૨) અરજદારના લગ્ન બાદ આ કામના સામાવાળાઓએ અમો ને થોડો સમય સારી રીતે રાખેલ ત્યાર બાદ નાની નાની બાબતોમા મેણા ટોણા મારતા અને ઝઘડો કરતા. અમો અરજદાર ને ઘરકામ બાબતે મેણા મારતા કે તને કાઈ કામકાજ આવડતુ નથી. તને રસોઈ બનાવતા આવડતુ નથી તુ તારા બાપને ત્યાંથી કાંઈ કરીયાવાર લાવેલ નથી અને અરજદારને ઘરની બહાર કાઢી મુકવા સામાવાળા નં ૧ ને ચડમણી કરતા. તેમ છતા અરજદાર આ બધો ત્રાસ મુંગે મોઢે સહન કરતા.

(૧.૩) સામાવાળા એ અમો અરજદારને બીમારીની હાલતમાં બે થી ત્રણ વખત મારઝુડ કરેલી અને કાઢી મૂકવા પ્રયત્ન કરેલો છે. સામાવાળા અમો અરજદારને ઘરમાં ચીજવસ્તુઓ લાવવા કે જીવન જરૂરીયાતની વસ્તુઓ લાવવા માટે નાણા આપતા નહી જેથી અરજદાર સામાવાળા પાસે વસ્તુઓ લાવવા માટે પૈસાની માંગણી કરીએ તો સામાવાળા અમો અરજદાર ઉપર એકદમ ગુસ્સો કરતાં અને એવુ જણાવતાં કે 'જો તારે તારી વસ્તુઓ લાવવી હોય તો તારા બાપના ઘરેથી પૈસા લાવીને લાવ. હુ તેને પૈસા આપવાનો નથી. હુ તને છુટી કરી દઈશ. મને છુટુ આપી દે નહી તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપતા હતા. કાયદેસરનું લગ્ન જીવન ચાલુ હોવા છતા આ કામના સામાવાળા નં-૧ ને પરસ્ત્રી સાથે આડા સબંધ હોય અમો તેમ ન કરવા સમજાવતા હોય તેમ છતા આ કામના સામાવાળા નં.૧ કોળી શીતલબેન લવજીભાઈ ઠાકોર ને લઇને આજથી ત્રણેક માસ પહેલા ભાગી ગયેલ છે. જે બાબત ની ફરિયાદ અમીએ પોલીસ સ્ટેશન મા કરેલ છે.

(૧.૪) સામાવાળા એ અમો અરજદારનો ત્યાગ કરી અમારા પુત્ર ને પણ અમારી પાસેથી છીનવી લીધા બાદ સામાવાળા કે તેમના કોઈ ઘરના અમોને તેડવા આવેલા નહી કે અમારી કોઇ દરકાર લીધેલી નહી. અમો અરજદારના પિતાએ પણ આ કામના

સામાવાળા ને સમજાવવાનો ઘણો પ્રયત્ન કરેલો તેમ છતાં આ કામના સામાવાળા અમારા પિતાનું અપમાન કરી તેઓ ને ગંદી ગાળો બોલી અમારે તમારી દિકરીને રાખવાની નથી અમારા દિકરા એ બીજા લગ્ન કરી લીધેલ છે. તેવું જણાવતા હતા ત્યારથી અમો અરજદાર અમારા પિતાના ઘરે પીપળીયા મુકામે રહીએ છીએ અને ઓગીયાળુ જીવન ગુજારીએ છીએ.

(૧.૫) અમો અરજદારના ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલી નથી કે, કોઈ રકમ ચૂકવી આપેલ નથી. અમો અરજદાર જાતે કમાતા નથી, સામાવાળા કોન્ટ્રાક્ટર નો ધંધો કરી માસીક રૂા. ૫0,000 જેટલી આવક મેળવે છે તથા સામાવાળાને શનાળા મુકામે પોતાનુ પાકુ મકાન આવેલુ છે તેમજ અન્ય સુખસુવિધાઓ ધરાવે છે. તથા સામાવાળા ને અમો અરજદાર સિવાય બીજા કોઈના ભરણપોષણની જવાબદારી નથી. જેથી સામાવાળા અમો અરજદારન ને માસિક રૂા. 30,000 ભરણપોષણની રકમ ચૂકવી આપે તો અમારુ જીવનનિર્વાહ થઈ શકે તેથી સદર અરજી દાખલ કરવાની જરૂર પડી છે.

(૧.૬) સબબ આ અરજી લાવી દાદ માંગેલ છે કે (1) આ કામના સામાવાળાઓ અમો અરજદાર નં.૧ ને માસિક રૂા. 30,000 ની ભરણપોષણની રકમ ચૂકવ લેખે દર માસે કુલ રૂ. 30,000/–નિયમિત રીતે ભરણપોષણ ચઢે ચઢયા ચુકવી આપે(૨) આ અરજી ની કલમ ૨૩ મુજબ અમોને અરજી ચાલુ હોય તે દરમિયાન વચગાળા નુ ભરણપોષણ સામાવાળાઓ પાસેથી અપાવવા. (૩) આ અરજી ની કલમ ૧૯ મુજબ રહેણાક માટે ભાડેથી અથવા તો વેચાતા મકાનની વ્યવસ્થા સામાવાળાઓ કરી આપે.(૪) આ અરજીની કલમ ૨૦ મુજબ અમો અરજદારોને માગ્યા મુજબ ભરણ પોષણ ચડથે ચડયુ ચુકવી આપે તેમજ અમોને શારીરિક માનસિક ત્રાસ આ કામના સામાવાળાઓએ આપેલો તેના વળતરના રૂ.૫,00,000/– ચુકવી આપે તેવો હુકમ કરવા (૪) આ અરજી આ કામના

સામાવાળાઓ ના કસુર ને કારણે કરવી પડેલ હોય આ અરજી નુ તમામ ખર્ચ આ કામના સામાવાળાઓ પાસેથી અપાવવા નમ અરજ છે. (૫) આપ નામ. કોર્ટને યોગ્ય જણાય તેવી તમામ દાદ આ કામના સામાવાળાઓ પાસેથી અપાવવા અરજ છે.

(૨) હાલની અરજી દાખલ થતા પ્રોટેકશન ઓફીસરને જાણ કરતા તા.૨૩/૧૨/૧૯ ના પત્ર સાથે પ્રોટેકશન ઓફીસરએ ઘરેલુ હિંસા રીપોર્ટ મોકલેલ.જે આ કામે આંક–૩ થી રજુ છે. ત્યારપછી પ્રથમદર્શનીય ઘરેલુ હિંસાનો બનાવ રીપોર્ટમા જણાઈ આવતા સામાવાળાઓને નોટીસ કરવામા આવેલ. સામાવાળાઓને નોટીસ બજી જતા આંક–૧૪ થી સંયુકત જવાબ દાખલ કરેલ છે. જેમા અરજી પારા–૨ ની હકીકતમાં જણાવેલ છે કે અમો સામાવાળા એ આ કામના અરજદારને ભરણ પોષણ પેટેની રકમ આપવા માટે ગયેલા પરંતે પૈસાનો ધા કરી, મેં તારા કરતા વધારે પૈસા જોયા છે, તારો બાપ ભુખડ છે, મારે મારા બાપના પૈસાનો પાવર છે. તું ભીખારી જેવો મને શુ આપવાનો છે, તારે મારી સાથે રહેવુ હોય તો ઘર જમાઈ કરી મારા ઘેર રહેવા આવી જા, તારા માટે દરવાજા ખુલ્લા છે, તેમજ મારી પત્ની અમો ને લગ્નના થોડા દીવસ બાદથી હાથ ઉગામી લેતા હતા અને મને શારીરીક અને માનસીક દુઃખ ત્રાસ યાતના આપતા હતા, તેમજ અમો ફકત કારખાનામાં છુટક મજુરી કામ કરીએ છીએ. અને રોજમદાર તરીકે નું કાર્ડ ધરાવીએ છીએ તે આ રજુ છે. તેમજ અમો માસીક માંડ માંડ રૂા. ૧૦,૦૦૦/– ની આસપાસ કમાઈ એ છીએ. તેથી ખોટી આવક બતાવીને ભરણ પોષણ મેળવી અમોને ખોટી રીતે હેરાન પરેશાન માટે અરજી કરેલ છે. તેમજ મારા નામે કોઈ મકાન આવેલ નથી. અમો કોઈ સુખ સુવીધાઓ ધરાવતા નથી, અમારે એ.સી.નથી, વોશીંગ નથી, ૨૩ ઈંચનુ કલર

ટી.વી. નથી, વગેરે કોઈ સુખ સુવીધાઓ ધરાવતા નથી. તેમજ અમારે અમારી માતા જયાબેન માવજીભાઈ સોલંકી, ઉ.વ.આ. ૬૦ ની એક પવિત્ર પુત્ર તરીકેની ફરજો અને જવાબદારી છે. તેમજ અમારા પુત્ર "હર્ષ" ઉ.વ.આ. ૧૦ – ધંધો : અભ્યાસ : કરે છે તેમની એક પિતા તરીકેની પ્રવિત્ર ફરજો અને જવાબદારી અમો ઉપર છે. વિશેષમાં જણાવવાનું કે, આ કામના અરજદાર હાલમાં ખુદ અમારા ઉપરોકત મકાનમાં મારી માતાના કબજા ભોગવટાના મકાનમાં ગેરકાયદેસર રીતે, પ્રવેશ કરી, ગેરકાયદેસર મંડળી રચી, તેઓના માતા–પિતા વગેરે મળતીયાઓને લઈ આવી, બળજબરીથી, જોરજુલ્મ કરી, આજુબાજુમાં આતંકવાદી તેવી પ્રવૃતી કરી, અમોની ગેરહાજરીમાં તાળા તોડી, ઘરવખરીની લુંટ ફાડ કરી, કીંમતી ચીજવસ્તુઓ લઈ, પોતાના માવતર સાથે આવેલ હતા તેઓને આપી દઈ, અમો સામે ખોટો ઉપજાવી કાઢેલ કેસ કરવાની ધમકી આપી / અપાવી, ખોટી રીતે અમોને તેમજ મારા વયોવૃધ્ધ માતા શ્રી ને તેમજ સગીર પુત્રને અનાથ જેવી પરીસ્થીતી માં મુકી જઈ – ધાક ધમકી આપી, અમારા જ ઘરની બહાર કાઢી મુકેલ છે. અને તેઓને ગુમ કરી દીધેલ હતા – અને ઉપાડી જઈ, ગોંધી રાખવાનુ ગેરકૃત્ય આચરેલ હતુ જે બાબતે મારા ફુઈ નામે ઉજીબેન ડાભાભાઈ પરમારે કરેલ – અરજી ની નકલ આ સાથે રજુ છે. તેમજ ત્યારબાદ પોલીસની બીક ના કારણે, અને પોલીસ પુછપરછ કરવા આવતા, પાછળથી મારા માતા મળી આવતા, તેઓને કરેલ ફરીયાદની નકલ આ સાથે રજુ છે. જેમાં સાસુ ને ઘરનુ ઘર છોડી – હીજરત કરી ઘર માં આવતા નહી નહીતંર તમોને જાનથી મારી નાખીશુ તેમ ધમકી આપી કાઢી મુકેલ હતા તેની ફરીયાદ નકલ આ સાથે રજુ છે. આમ, હાલમાં અમો સામાવાળા, અમો સામાવાળાનો દીકરો નામે "હર્ષ" ઉ.વ.આ. ૧૦, તેમજ મારી માતા ને "જયાબેન'' ઘરના ઘર હોવા છતા, બેઘર બનીને આમ તેમ રખડતુ ભડકતુ જીવન જીવવા મજબુર કરી દીધેલ છે. તેમજ અમારા મકાનમાં રહી અમો સામે ખોટો કેસ કરેલ છે. તે તમામ હકીકતો ધ્યાને લઈ

ભરણપોષણની અરજી નામંજુર કરવા અમારી અરજ છે.અરજદારની હાલની આ અરજી ખર્ચ સહીત રદ કરવા હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૩) આ કામે અરજદાર તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરવામા આવેલ છે–

**મૌખિક પુરાવો**

૧. આંક–૨૨ થી ભાવનાબેન બાબુભાઈ જાદવની સોગંદ ઉપર જુબાની.

આ કામે ઉપરોકત પુરાવો પુરો થયા બાદ અરજદાર તરફે આંક–૩૫ થી કલોઝીંગ પુરસીશ આપવામાં આવેલ છે.

(૩.૧) આ કામે સામાવાળા નં.૧ તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરવામા આવેલ છે–

**મૌખિક પુરાવો**

૧. આંક–૩૬ થી ગૌતમભાઈ માવજીભાઈ સોલંકીની સોગંદ ઉપર જુબાની.

આ કામે આંક–૩૭ થી સામાવાળા તરફે કલોઝીંગ પુરસીશ રજુ છે.

(૪) હાલના કામે અરજદારના વિ.વ.શ્રી ની દલીલ કરતા જણાવે છેકે સામાવાળાએ અરજદારને શારીરીક–માનસીક ત્રાસ આપેલ છે અને શીતલબેન નામની બીજી સ્ત્રી સાથે હાલમાં રહે છે. અને અરજદારે પોતાના પુરાવા થકી પોતાની અરજીમાંની હકીકત સાબીત કરેલ હોય જેથી અરજી મંજુર કરવા અરજ કરેલ છે. સામાવાળા તરફે આંક–૩૮ થી લેખિત દલીલ ધ્યાને લીધી. ફો.પ.અ.નં.૨૬૦/૨૨ અને ફો.પ.અ.નં. ૧૪૧/૧૯ ની નકલ રજુ કરેલ છે. જે ધ્યાને લીધી.

આ કામે સદરહુ કેસના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**::- મુ દ્દા ઓ -::**

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓના લગ્ન બાદ આ કામના સામાવાળાઓએ તેઓને ઘરકામ બાબતે તેમજ અરજીમાં જણાવેલ કારણોએ અવાર-નવાર માનસીક શારીરીક ત્રાસ આપી ઘરેલુ હિંસા આચરેલ છે?

૨. શું હુકમ... ?

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**-:: નિ ર્ણ યો ::-**

| | |
|---|---|
| ૧. | હકારાત્મક |
| ૨. | આખરી હુકમ મુજબ |

**-:: કા ર ણો ::-**

(૬) **<u>મુદ્દા નંબર :- ૧ અને ૨ અંગે :-</u>**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામા આવેલી છે.

(૭) હાલના કામે અરજદાર તરફે તેમની અરજીની હકીકતને સમર્થનકારી સોગંદ પરનો પુરાવો આપેલ છે. અને જેમાં અરજદાર તેમની આંક-૧ ની અરજી મુજબ સરતપાસનું સોગંદનામુ આપેલ છે.

સામાવાળા તરફે ઉલટ તપાસ કરતા અરજદાર કબુલે છે કે તેઓ ગ્રેજયુએટ સુધીનો અભ્યાસ કરેલ છે અને તેઓ હાલ જી.આર.ડી. માં નહી પરંતુ

ટી.આર.બી.માં નોકરી કરે છે અને રૂા.૯,૦૦૦/– મહીને મેળવે છે અને તેમના લગ્નને ૧૭ વર્ષ થયા છે. અને છેલ્લા ૮ વર્ષથી અલગ રહે છે. તેઓ એવુ પણ કબુલે છે કે હું જયારથી અલગ રહુ છુ ત્યારથી ભરણપોષણનો કેસ કરેલ છે મને મહીને પાંચ હજાર રૂપિયા ભરણ પોષણ પેટે મળે છે. તેઓ એવુ પણ કબુલે છે કે એ વાત ખરી છે કે હું જે મકાનમાં રહુ છુ તે મારા પતિનુ છે તેમાં હું એકલી રહુ છુ. તેઓ એવુ પણ કબુલે છે કે મંજુલાબેન અશોકભાઈ ખરા તેમજ મીનાબેન દિલીપભાઈ ખરા બન્ને નવા જાંબુડીયા રહે છે. શીલતબેન લવજીભાઈ ઠાકોર વિધ્યુતનગર સામાકાઠે રહે છે. તેમજ વિનોદભાઈ રવજીભાઈ સોલંકી કલોલ મુકામે રહે છે. તેઓ એવુ પણ કબુલે છે કે એ વાત ખરી છે કે મને મેણા ટોણા મારેલા તેમજ શારીરીક–માનસીક ત્રાસ આપતા બીમારીમાં માર મારી કાઢી મૂકેલ હોય તેવી કોઈ ફરીયાદ મેં પોલીસ સ્ટેશનમાં આપેલી નહી. તેઓ એવુ પણ કબુલે છે કે એ વાત ખરી છેકે મારા પતિ મહીને ૫૦,૦૦૦/– કમાય છે તે બાબતનો કોઈ પુરાવો મેં આ કામે રજુ કરેલો નથી. મારા પતિ સાથે ઘર–સંસાર ચલાવવો હોય તેવો કોઈ કોર્ટમાં કે અન્ય નોટીસ થકી પ્રયત્ન કરેલ નથી.

આમ અરજદારની ઉલટ તપાસ ની ઉપરોકત કબુલાત જોતા સામાવાળા નં.૫ થી ૮ નાઓ અલગ ઘરમાં તેમજ બીજા શહેરમાં રહે છે. અને તેઓ પરણીત છે તેથી સ્વાભાવિક છે કે અરજદારની સામે તેમની સામે જે આક્ષેપો કરેલા છે તેની સામે વ્યાજબી શંકા ઉપજે છે.

સામાવાળા તરફે આંક–૩૬ થી પોતાના પુરાવાનું સોગંદનામુ આપેલ છે. અને જેમાં અરજદારની અરજીની તમામ હકીકતો નો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે તેઓ મજુરીકામ કરી મહીને ૧૦,૦૦૦/– જેવુ કમાય છે. તેમજ તેમની વૃધ્ધ માતા અને પુત્ર હર્ષની જવાબદારી પણ તેમના માથે છે. તેમજ અરજદાર એ ફેમીલી કોર્ટમાં ભરણ–પોષણ મેળવવા ફોજદારી પરચુ. અરજી નં.૨૬૦–૨૦૨૨ કરેલી અને તા.૩૧/૮/૨૩ ના હુકમ મુજબ અરજદાર માસીક રૂા.૫,૦૦૦/–

મેળવે છે.તેમજ અરજદાર સામાવાળાના માતાના મકાનમાં રહે છે. અને સામાવાળાએ માનસીક–શારીરીક ત્રાસ આપેલ નથી.

અરજદાર તરફે આ સાહેદની ઉલટ તપાસ કરતા સાહેદ કબુલે છે કે શીતલ બેનને હું ઓળખતો નથી. તે વાત ખરી છે કે જે વ્યકિત મા બનવા માગતા હોય જેથી મેં મારુ નામ આપેલુ. એ વાત ખરી નથી કે આજની તારીખે શીતલબેન મારી સાથે રહે છે અને શીતલબેન સાથે મારે પતિ–પતનીના સબંધો હતા. પરંતુ શીતલબેનના બાળકનો પિતા હુ છુ. એ વાત ખરી નથી કે મેં શીતલબેન સાથે લગ્ન કરેલા હોય તેનુ કોઈ રજીસ્ટ્રેશન કરાવેલ નથી. હું ધોરણ–૧૦ ભણેલ છુ અને ડ્રાઈવીંગ કરુ છું. એ વાત ખરી નથી કે કોન્ટ્રાકટ રાખુ છુ અને રૂા.૫૦,૦૦૦/– થી રૂા.૬૦,૦૦૦/– કમાઉ છુ. એ વાત ખરી નથી કે હું જે મકાનમાં રહુ છુ તે મારી માલીકીનુ મકાન છે. હું ભાડે રહુ છુ. એ વાત ખરી છે કે ભાડાના મકાનમા રહુ છુ તેનો ભાડા કરાર મેં આ કામે રજુ કરેલ નથી.

અરજદાર તરફે સામાવાળાની આવક સબંધે કોઈ પુરાવો રજુ થયેલ નથી. તેમજ અરજદાર જયારથી સામાવાળાથી અલગ રહે છે ત્યારથી માસીક રૂા.૫,૦૦૦/– ભરણ–પોષણના મેળવે છે અને અરજદાર હાલ સામાવાળાના મકાનમાં રહે છે.

(૮) હાલના કામે અરજદારે કલમ–૧૮ થી કલમ–૨૨ નીચે અરજદારે દાદ માગેલ છે. આ સંદર્ભે રેકર્ડ ઉપરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો જયારે અરજદાર ઉપર ઘરેલુ હિંસા થયેલાનું ફલીત થાય છે. ત્યારે સામાવાળાઓ અરજદાર ઉપર અન્ય કોઈ રીતે ઘરેલુ હિંસા ન ચલાવે તેવો સુરક્ષા આદેશ આપવો ન્યાયોચિત જણાય છે. જેથી સામાવાળાઓને આદેશ કરવામા આવે છે કે તેઓએ ઘરેલુ હિંસાના કોઈ પણ કૃત્યનું પુનરાવર્તન ન કરવુ.

(૯) હાલના અરજદારે આ કાયદાની કલમ ૧૯ હેઠળની માંગણી કરેલ છે પરંતુ અરજદારના આંક–૨૨ ના પુરાવા ની ઉલટ તપાસ જોતા તેઓ કબુલે છે કે હાલ

તેઓ જયાં રહે છે તે મકાન સામાવાળાનુ છે જેથી આ તબકકે કોર્ટને કલમ–૧૯ નીચે કોઈ હુકમ કરવો યોગ્ય જણાતો નથી.

**(૧૦)** કલમ–ર૦ હેઠળ ભરણ–પોષણનો હુકમ સબંધે જોઈએ તો અરજદાર સામાવાળાથી આશરે ૮ વર્ષથી અલગ રહે છે. અને જયારથી અલગ રહે છે. ત્યારથી અરજદાર માસીક રૂા.પ,૦૦૦/– ભરણ–પોષણ મેળવે છે. પરંતુ કોર્ટનુ એવુ માનવુ છે કે હાલની આ મોંઘવારીના સમયમાં અરજદારની આ હાલની અરજી સને.ર૦૧૯ ની હોય માસીક રૂા.પ૦૦/– અરજી કર્યા તારીખથી એટલે કે તા.૦૧/૧૦/ર૦૧૯ થી હુકમ તારીખ.૦પ–૩–ર૦ર૬ સુધીમાં થતી ચડત કુલ રકમ સામાવાળાએ અરજદારને દિન–૯૦ માં બીન ચૂક ચૂકવી આપવી.

**(૧૧)** કલમ–ર૧ હેઠળ કસ્ટડીનો કોઈ હુકમ કરવામા આવતો નથી કારણકે સગીર હર્ષ હાલ સામાવાળા સાથે રહેતો હોય તેમજ અરજદારે તેમની કસ્ટડીની કોઈ માગણી કરેલ નથી. જેથી હાલમાં આ સબંધે કોઈ હુકમ કરવામા આવતો નથી.

**(૧ર)** કલમ –રર હેઠળ વળતરનો હુકમ કરવો કોર્ટને ન્યાયીક અને વ્યાજબી એ રીતે લાગે છે કે અરજદાની હાલની આ અરજી સને.ર૦૧૯ ની છે. જેથી સામાવાળા એ અરજદારને રૂા.રપ,૦૦૦/– વળતર પેટે આ હુકમ થયાથી દિન–૯૦ માં બીનચૂક ચૂકવી આપવા. આમ મુદ્દા નં.૧ નો જવાબ ''હકારાત્મક'' આપી મુદ્દા નં.ર અન્વયે ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબ નો આખરી હુકમ કરવામા આવે છે.

**–: હુકમ :–**

૧. આ કામના અરજદારની હાલની અરજી આથી અંશત: મંજૂર કરવામાં આવે છે.

ર. આ કામના સામાવાળાએ અરજદારને માસીક રૂા.પ૦૦/– અરજી કર્યા તારીખથી એટલે કે તા.૦૧/૧૦/ર૦૧૯ થી હુકમ

તા.૦૫–૦૩–૨૦૨૬ સુધીમાં થતી ચડત કુલ રકમ સામાવાળાએ અરજદારને દિન–૯૦ માં બીન ચૂક ચૂકવી આપવી.

૩. સામાવાળાઓએ અરજદારને આ હુકમ બાદથી કોઈ પણ રીતે ઘરેલું હિંસા આચરવી નહી તેવો આદેશ કરવામાં આવે છે.

૪. આ ચુકાદાની એક નકલ અરજદાર તથા સામાવાળા જે પો.સ્ટે. હદ વિસ્તારમાં રહેતા હોય તે પો.સ્ટે. તથા પ્રોટેકશન ઓફિસરને મોકલી આપવી.

૫. આ કામના તમામ સામાવાળાઓએ મળીને અરજદાર નં.૧ ને રૂા.૨૫,૦૦૦/–(અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) વળતર તરીકે આ હુકમ તારીખથી દિન–૩૦ માં ચુકવી આપવા.

૬. હુકમની એક નકલ અરજદારને વિનામુલ્યે આપવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરીને વાંચી સંભળાવીને જાહેર કર્યો.

મોરબી.
તારીખ : ૦૭.૦૩.૨૦૨૬

**(પ્રશાંત પરમાનંદ શાહ)**
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ જજ,મોરબી
U.I.C. NO.GJ00665

//MRM//